

# પ્રાંતિજના બ્રહ્માણી માતાના ચોકમાં પલ્લી મેળો ભરાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વર્ષોથી પલ્લીનો મેળો ભરાય છે. જેમાં તા. ૭-૧૦-૨૦૧૯ને સોમવારના રોજ પ્રાંતિજના બ્રહ્માણી માતાના મંદિરે ભરાયેલા પલ્લીના મેળામાં માઈ ભકતો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. પલ્લીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને જયઅંબે...ના ઘોષથી સમ્રગ પ્રાંતિજ ગુંજી ઉઠયું હતું. બ્રાહ્મણી મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સુંદર એવી વ્યવસ્થા કરવામાં આવી હતી. મંદિર તરફથી કોઈ પણ જાતની માઈ ભકતોને કષ્ટ ના પડે તેની ઝીણવટભરી દેખરેખ રાખવામાં આવી હતી. ભકતો દ્વારા પલ્લીમાં માંગેલ બાધા પૂર્ણ કરવા માટે ઘી ચડાવવા માટે મંદિરના ચોકમાં મુકેલ પીપ અને તપેલા પણ નાના પડયા હતાં અને ઘીનો વરસાદ વરસ્યો હતો પટેલ વાસના યુવાનો દ્વારા પલ્લી બનાવવામાં આવી હતી. પલ્લી પ્રગટાવવામાં આવી હતી અને પાલખી સ્વરૂપે તેને બ્રહ્માણી ચોકમાં ધુમાવવામાં આવેલી અને આતશબાજીની ફુલોનો વરસાદ સાથે આખું વાતાવરણ 'જય અંબે'ના નાદ સાથે ગાજી ઉઠેલું પલ્લીના દર્શન માટે આવેલ મહેરામણમાં સીતેર હજાર કરતાં પણ દર્શનાર્થીઓ ઉમટી પડ્યા હતા. પ્રાંતિજ પીઆઈ કે.એસ. બ્રહ્મભટ્ટ દ્વારા કોઈ અવનવી ઘટના ન બને તે માટે પુરે-પુરી દેખરેખ રાખવામાં આવી હતી અને આરોગ્ય તંત્રની ટીમ પણ રાત્રીના સમયે હાજર હતી. શુધ્ધ પીવાના પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલ દ્વારા પણ નગરપાલિકાની એમ્બ્યુલન્સ તથા લાઈબંબાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પલ્લીના મેળાનો લાભ લેવા આજુબાજુના ગામડાં તથા દુર-દુરથી ભાવિકો ઉમટી પડયા હતા.

## આરાસુરી સોસાયટીમાં નવમાં નોરતે ગરબાની રમઝટ જામી, ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘૂમ્યા

યાત્રાધામ અંબાજી ખાતે આવેલ આરાસુરી સોસાયટીમાં શેરીઓ ગરબાનું આયોજન આરાસુરી મિત્ર મંડળ દ્વારા કરવામાં આવે છે.નવરાત્રી મહોત્સવમાં ગરબા રમવા ખૈલૈયાઓનો થનખના જોવા મળી રહ્યો છે.અંબાજી પંથકમાં ગરબા મહોત્સવમાં પ્રથમ બે દિવસ વરસાદના કારણે અનેક ખૈલૈયાઓ નિરાશ થયા હતા પરંતુ ત્રીજા નોરતાએ વરસાદે વિરામ લેતા ખૈલૈયાઓ મુન મુકીને ગરબે ઘુમ્યા હતા.અંબાજીમાં આરાસુરી સોસાયટીમાં નવરાત્રી મહોત્સવ જગત જનની માઁ આદ્યશકિત અંબાજી માતા સહિતના માતાજીની આરાધનાના મહાપર્વ નવરાત્રીની અનોખી રીતે ઉજવણી કરવામાં આવે છે અને સમૂહ આરતીમાં મોટીશ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહે છે.આરાસુરી સોસાયટીમાં નવરાત્રી મહોત્સવમાં ગરબાની રમઝટ જામી હતી અને અનેક ખૈલૈયાઓ ગરબે ઘુમી રહ્યા છે.નવમાં નોરતે આરાસુરી સોસાયટીના રહીશો રાજસ્થાનની વસ્ત્રોમાં સજ્જ થઈ ખૈલૈયાઓ મનમુકીને ગરબે ઘૂમ્યા હતા.આરાસુરી સોસાયટીની મહિલાઓ નવરાત્રીના ૯ દિવસ અલગ-અલગ વેશ ધારણ કરીને ગરબે ઝુમી છે.આરાસુરી સોસાયટીની મહિલા દ્વારા રાજસ્થાની ડાન્સ રજુ કરવામાં આવ્યો હતો.જે લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.આરાસુરી સોસાયટીમાં ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીંચ લેવી છે,નગાડા સંગ ઢોલ બાજે,વાંકી વળુ તો મારી કેડ નમી જાય, નીચી નમુ તો મારી ડોક નમી જાય,છોગાડા તારા, ઓઢણી ઓઢુ ઓઢુ ને ઉડી જાય વગેરે મોડર્ન ગરબા ગીત પર ખેલૈયાઓ જબરજસ્ત એવા ડીજે સાઉન્ડ પર વાગતા લેટેસ્ટ ગરબાને કારણે સમગ્ર વિસ્તાર સંગીત સાથે ભક્તિમય બની જાય છે.



## જુનાડીસા સિધ્ધાંમ્બિકા માતાની પલ્લીની ગામ પ્રદક્ષિણા જય અંબેના નાદથી ગગન ગાજયું

ડીસા તાલુકાનું જુનાડીસા એ જિલ્લાનું કોમી એકતા માટે પંકાતુ ગામ છે. જ્યાં જાગતી જ્યોત સિધ્ધામ્બિકા માતાનું સિદ્ધરાજ જયસિંહે બનાવેલું ઐતિહાસિક અને અદભુત મંદિર આવેલું છે જેનું અજોડ શિલ્પ સ્થાપત્ય તેની દિવ્યતા અને ભવ્યતામાં વધારો કરે છે. જે અનેક લોકોની શ્રદ્ધેય દેવી છે. જે મંદિરનો વહીવટ વૈષ્ણવ વણીકો સુંદર રીતે કરી અવનવા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરે છે પરંતુ ગામની હિન્દુ સમાજની અઢારેય આલમ હળીમળીને દર આસો નવરાત્રીમાં છેલ્લા નોમના નોરતે વર્ષોની પરંપરા મુજબ ગામ પલ્લીનું ભવ્ય આયોજન કરે છે. જેમાં પવિત્ર કાષ્ટમાંથી બનાવેલ માતાજીના રથ (પલ્લી)માં માતાજીના દીપને શક્તિ સ્વરૂપા માની વિવિધ વાનગીઓનું નૈવેદ્ય ધરાવ્યાં બાદ ઠાકોર બંધુ ભારેખમ પલ્લી માથે ઉપાડી ગામની પ્રદક્ષિણાએ પ્રસ્થાન કરે છે, જેથી જગદંબા સ્વયં પલ્લીરૂપે ગામલોકોને દર્શન આપવા નીકળ્યા હોય તેવો અદભુત અને અલૌકિક નજારો સર્જાય છે. ત્યારે ભાવિકોના જય અંબેના નાદથી ગગન ગાજી ઉઠે છે. વીજળી વેગે નીકળતી પલ્લી એ જ ગતિએ નિજ મંદિર પરત ફરે છે જે હળાહળ કલિયુગમાં એક ચમત્કાર મનાય છે..!!

આ બાબતે ધર્માનુરાગી સેવાભાવી કાર્યકર રમેશભાઈ બી. મહેતા જણાવે છે કે, જગ વિખ્યાત રૂપાલની પલ્લી પછી જે બે ચાર પલ્લીઓ પ્રસિદ્ધ છે તેમાંની સિધ્ધામ્બિકા માતાની પલ્લી એક છે. જેમાં દૂર દેશાવર રહેતા ગામલોકો પણ અચૂક હાજરી આપે છે.

ગામલોકોની વધુ એક વિશેષતા એ છે કે અઢારેય આલમની કુળદેવી અલગ અલગ છે પણ ગ્રામ્ય દેવી રૂપે શેરી ગરબા પૂર્ણ થતાં માતાજીના ચરણે ગરબો વળાવવામાં આવે છે. એટલું જ નહિ, ગામના કોઈ યુવાનના લગ્ન થતા મંદિરે કંકુના થાપા કરવાની પ્રાચીન પરંપરા આજે પણ જળવાઈ રહી છે.

## વડગામના ડાલવાણામાં વારંદા વીર દાદાની પલ્લીમાં હજારો શ્રદ્ધાળુઓ ઉમટયા

### પલ્લવીમાં ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા : ગામમાં શ્રદ્ધાની હેલી શલકાઈ

વડગામ તાલુકાના ડાલવાણા ગામમાં સરસ્વતી નદીના કિનારે રમણીય અને કુદરતી સૌંદર્યથી ભરપુર વાતાવરણમાં અતિ પ્રાચીન શ્રી વારંદા વીરદાદાનું મંદિર આવેલું છે. જે ગામથી એકાદ કિમી દૂર સરસ્વતી નદીના તટ પર આવેલું છે. વીરદાદાના ભકતો દેશ ભરમાં છે. નવરાત્રીના નવમા દિવસે વારંદા વીરદાદાની પલ્લી ભરાય છે. વારંદા વીરદાદાના મંદિરે પલ્લી પાટ ઉપર તૈયાર કરવામાં આવે છે. વીરદાદા મંદિરના પૂજારી પંકજભાઈ ઠાકર દ્વારા ગ્રામજનો પાસે પલ્લીની પૂજા કરાવાય છે. ત્યારબાદ પલ્લી પ્રથમ મુસ્લિમ જાગીરદારના મહોલ્લામાં જાય છે. ત્યાં મુસ્લિમ બિરાદરો પલ્લીમાં પ્રથમ ઘી ચડાવે છે. ત્યાર બાદ પલ્લી ગામની વચ્ચે આવેલા ચોકમાં આવે છે. જ્યાં પલ્લી ઉપાડનાર વ્યક્તિની વીરદાદાના ભુવાજી વશરામ કાકા દ્વારા પીઠ થબડાવતાની સાથે જ પલ્લી ઉપાડનાર યુવાન વાયુ વેગે દોડીને વિરદાદાના આ મંદિરે પહોંચે છે. પાછળ હજારો શ્રદ્ધાળુઓ પણ દોડતા ગામથી એક કિમી દૂર આવેલા વારંદા વીરદાદા મંદિરે પહોંચે છે. જયા હજારો શ્રદ્ધાળુઓ સાથે મંદિરના ભુવાજી વશરામ કાકા અને પૂજારી પંકજભાઈ દ્વારા વીરદાદાની આરતી કરવામાં આવે છે અને ત્યારબાદ પલ્લીનો પ્રસાદ હજારો શ્રદ્ધાળુઓ લઈ દર્શન કરી ધન્યતા અનુભવે છે. આ વારંદા વીરદાદાની પલ્લીનું કરવટુ દાયકાઓથી ડાલવાણા ગ્રામજનો દ્વારા કરવામાં આવી રહ્યું છે.



## ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં દશેરા નિમિત્તે શસ્ત્રોની પૂજા કરાઈ

ખેડબ્રહ્મા શહેરમાં પોલીસ સ્ટાફ દ્વારા શસ્ત્રોની પૂજા વાહનો તેમજ શસ્ત્રોની પૂજા કરવામાં આવી હતી. દર વર્ષે કરવામાં આવે છે તેજ રીતે આ વર્ષે પણ પૂજા કરાઈ જેમાં ખેડબ્રહ્મા તાલુકાના પીએસઆઈ એમ.બી. કોટવાલ, એએસઆઈ વિષ્ણુભાઈ રાઈટર, જયંતીભાઈ રાઈટર, દેવરાજભાઈ, ટાઉન કોન્સ્ટેબલ મગનલાલ અને સ્ટાફના તમામ કર્મચારીઓ હાજર રહી શસ્ત્રોની પૂજા કરી હતી. આજના દિવસનો મહિમા માતાજીનું અસૂરો પર વિજય અને શ્રીરામનો રાવણ કોનો વિજય થયો હતો રાજા રજવાડાઓ યુદ્ધ જીતીને પરત ફરતા ત્યારે દશેરાના દિવસે શસ્ત્રોનું પૂજન કરતા હતા તેવી જ રીતે આ વર્ષે પણ ખેડબ્રહ્મા પોલીસ દ્વારા શાસ્ત્રો વિધિ પ્રમાણે કરવામાં આવી હતી પૂજા અર્ચના.



## મોડાસામાં ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ

સમગ્ર વિશ્વના કલ્યાણની ભાવના સાથે શારદિય નવરાત્રિ દરમિયાન ગાયત્રી ચેતના કેન્દ્રના સંપર્ક ક્ષેત્ર મોડાસા તેમજ આસપાસના ગામોમાં નવરાત્રિ દરમિયાન અનુષ્ઠાન સાધના કરેલ ભાઈઓ બહેનો દ્વારા પૂર્ણાહૂતિ નિમિત્તે આજે મોડાસા ખાતે અગીયાર કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌ સાધકોએ વાતાવરણમાં દિવ્યતા અને પર્યાવરણને શુદ્ધિકરણ ભાવના સાથે હિમાલયની દિવ્ય ઔષધીઓની હવન કુંડમાં આહુતિ આપી હતી.

## પ્રાંતિજના અંબાવાડા બસ સ્ટેન્ડ પાસેથી વિદેશી દારૂ લઈને જતી સ્પેશીયો કારને એલસીબીએ ઝડપી પાડી

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના અંબાવાડા બસસ્ટેન્ડ પાસેથી રાત્રીના સમયે સ્પેશીયો કારમા લઈ જવાતો ઈંગ્લીંશ દારૂ હિંમતનગર એલસીબી પોલીસે ઝડપી પાડયો હતો. એકની અટકાયત કરી હતી તો એક ભાગી ગયો હતો.

પ્રાંતિજ તાલુકાના અંબાવાડા બસસ્ટેન્ડ પાસેથી રાત્રીના સમયે જિલ્લા એલસીબી વોચ દરમ્યાન સ્પેશીયો કાર નંબર-જીજે.૯.એમ.૬૦૨૦માં ચોરખાના બનાવી લઈ જવાતો ઈંગ્લીંશ દારૂ સાબરકાંઠા જિલ્લાના એલસીબી પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.એમ. પરમાર દ્વારા કાર રોકી તપાસ કરતાં કારમાં બોનેટના પાછળના ભાગે તથા લાઈટો તથા કારની પતરાણી બોડીમા ગુપ્ત ખાનું બનાવી કારમા ઈંગ્લીંશ બીયરના ૩૩૨ જેની કિંમત- ૩૫ હજાર ૪૦ તથા કારની કિમત બે લાખ મળીને કુલ ૨ લાખ ૩૫ હજાર ૪૦નો મુદામાલ જપ્ત કર્યો હતો. સાબરકાંઠા એલસીબી પોલીસે રાજુભાઈ ઉર્ફે રાજકુમાર નરેશભાઈ નરેની અટકાયત કરી હતી. કાર અન્ય કાળુ ઉર્ફે લશ્મણદાસ પરસોતમદાસ રામચંદાણી (સિંધી) રહે. પ્રાંતિજ કે પોલીસ જોતાજ ભાગી ગયો હતો. પ્રાંતિજ પોલીસ દ્વારા જે.એમ. પરમારની ફરીયાદને ગુનો નોધી આગળની તપાસ હાથ ધરવામા આવી છે.



## ડીસાના રેલવે સ્ટેશન વિસ્તારમાં નવજાતબાળકી મળી આવતા ચકચાર

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસાના સલ્મ રેલવેસ્ટેશન વિસ્તાર નજીક સાંજના સુમારે એક પંદર દિવસની માસુમ બાળકી કોઈ નરાધમોએ ત્યજી દીધેલી હાલતમાં મળી આવતા ચકચાર સાથે અરેરાટી વ્યાપી ગઈ હતી. આ મામલે સ્થાનિક રહીશોએ ૧૦૮ મોબાઈલ વાન અને પોલીસને જાણ કરતા પોલોસની ટિમ અને ૧૦૮ ની ટિમ દોડી આવી હતી બનાવના પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.જોકે પોલીસને પ્રાથમિક તપાસમાં સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે કોઈ હિન્દી ભાષી મહિલા આ બાળકીને તરછોડી જતી રહેલ છે હાલ તો પોલિસ અને ૧૦૮ ની ટીમે આ બાળકીને સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી આરોપીઓની તપાસ હાથ ધરી હતી.



## નહીં મેલું રે.... તારા ફળિયામાં પગ નહીં મેલું.... છોને લાગ્યું છબીલા મને તારું ઘેલું.....

નવરાત્રીના નવમાં નોરતે જીલ્લા સહીત મોડાસા શહેરના ગરબા ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ રાત્રીના ૮ વાગ્યાથી મેદાને પહોંચી ગરબાની રમઝટ બોલવી હતી. યુવાધન હિલોળે ચઢ્યું હતું વહેલી સવાર સુધી ખેલૈયાઓ રાસગરબામાં ઝૂમી રહ્યા હતા. નવરાત્રીના આયોજકોએ ખેલૈયાઓને ખમ્મા કરવા નમ્ર અપીલ કરી સમજાવવા છતાં ખેલૈયાઓનો થનગનાટ યથાવત રહેતા આવતી સાલ નવરાત્રીમાં પહેલા નોરતાનું નિમંત્રણ આપી ઓરકેસ્ટ્રા અને સંગીતની સુરાવલીઓ બંધ કરતા ન છૂટકે ખેલૈયાઓએ મેદાન છોડ્યું હતું.